# ગુજરાત સરકાર

ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-B
ગૃહ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર
તા.૦૨.૦૬.૨૦૨૧.

**હુકમ :-**

નોવેલ કોરોના વાયરસ (COVID-19)ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. ગૃહ મંત્રાલય, ભારત સરકારના તા.૨૯.૦૪.૨૦૨૧ના હુકમ ક્રમાંક: 40-3/2020-DM-I(A)થી કોરોના સંક્રમણને રોકવા અધતન સૂચનાઓ આપવામાં આવેલ છે.

૨. રાજ્યમાં COVID-19ના સંક્રમણની બાબતને ધ્યાને લેતાં રાજ્ય સરકાર દ્વારા ગૃહ વિભાગના તા.૨૭.૦૫.૨૦૨૧ના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-B થી સમગ્ર રાજ્યમાં કેટલાક નિયંત્રણો મુકવામાં આવેલ છે.

૩. રાજ્યમાં વર્તમાન પરિસ્થિતિની પુન: સમીક્ષા કરતા ગૃહ વિભાગના તા.૨૦.૦૫.૨૦૨૧ના હુકમ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-B થી સમગ્ર રાજ્યમાં અમલમાં મુકવામાં આવેલ નીચે મુજબના નિયંત્રણોની અવધિ તા.૦૪.૦૬.૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાકથી તા.૧૧.૦૬.૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમગ્ર સમયગાળા સુધી લંબાવવામાં આવે છે.

A. અઠવાડીક ગુજરી/બજાર/હાટ, શૈક્ષણિક સંસ્થા અને કોચિંગ સેન્ટરો(ઓનલાઇન શિક્ષણ સિવાય), સિનેમા થિયેટરો, ઓડીટોરીયમ, એસેમ્બલી હોલ, વોટર પાર્ક, જાહેર બાગ-બગીચા, મનોરંજક સ્થળો , જીમ, સ્પા, સ્વિમીંગ પુલ બંધ રહેશે.

B. આ સમયગાળા દરમ્યાન લગ્ન માટે ખુલ્લા અથવા બંધ સ્થળોએ મહત્તમ ૫૦(પચાસ) વ્યક્તિઓની મંજૂરી રહેશે. લગ્ન માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણીની જોગવાઇ યથાવત રહે છે.

C. અંતિમક્રિયા/દફનવિધી માટે મહત્તમ ૨૦ (વીસ) વ્યક્તિઓની મંજુરી રહેશે.

D. સરકારી, અર્ધ સરકારી, બોર્ડ, કોર્પોરેશન, બેંક,Finance Tech સંબંધિત સેવાઓ, કેશ ટ્રાન્ઝેકશન સેવાઓ, બેંકોનું કલીયરીંગ હાઉસ,એ.ટી.એમ/ સી.ડી.એમ. રીપેરર્સ, સ્ટોક એક્સચેન્જ,સ્ટોક બ્રોકરો, ઈન્સ્યોરન્સ કંપનીઓ તથા તમામ પ્રકારની ખાનગી ઓફીસોમાં કર્મચારીઓની હાજરીની સંખ્યા ૫૦% સુધી સુનિશ્ચિત કરવાની રહેશે. આવશ્યક સેવાઓને આ જોગવાઇ લાગુ પડશે નહી.

E. તમામ પ્રકારના રાજકીય, સામાજીક, ધાર્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક કાર્યક્રમો/મેળાવડાઓ સદંતર બંધ રહેશે.

F. પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ/સ્પોર્ટ્સ સ્ટેડીયમ/સંકુલમાં રમતગમત ચાલુ રાખી શકાશે.

G. તમામ ધાર્મિકસ્થાનો જાહેરજનતા માટે બંધ રહેશે. ધાર્મિકસ્થાનો ખાતેની દૈનિક પૂજા/વિધિ ધાર્મિકસ્થાનોના સંચાલકો/પૂજારીશ્રીઓ દ્વારા જ કરવાની રહેશે.

H. પબ્લિક બસ ટ્રાન્સપોર્ટ મહત્તમ ૫૦ % પેસેન્જર કેપેસીટીમાં ચાલુ રહેશે.

૪. અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં પ્રવેશ કરતાં મુસાફરોને RTPCR Test સંબંધમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ લાગુ રહેશે.

૫. તમામે ફેસ કવર, માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. તમામ પોલીસ કમિશનરશ્રીઓ/જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓએ તેમના અધિકારક્ષેત્રમાં આ હુકમના અમલ માટે Cr.P.C. તથા ગુજરાત પોલીસ એકટની જોગવાઈ હેઠળ જાહેરનામા બહાર પાડવાના રહેશે.

૭. આ હુકમનું અસરકારક અમલીકરણ સર્વે પોલીસ કમિશ્નર, જિલ્લા મેજીસ્ટ્રેટ તથા જિલ્લા પોલીસવડા દ્વારા કરવાનું રહેશે.

૮. આ હુકમના ભંગ બદલ 'THE EPIDEMIC DISEASES ACT 1897' અન્વયે 'THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020'ની જોગવાઈઓ,'THE INDIAN PENAL CODE'ની કલમ 188 તથા 'THE DISASTER MANAGEMENT ACT'ની જોગવાઇઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.કે.નિરાલા)
અધિક સચિવ(કા.વ્ય.)
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- રજિસ્ટ્રાર, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ (પત્ર દ્વારા)
- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- માહિતી નિયામકશ્રી – ગુજરાત રાજય, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

  ૨/– આ બાબતને બહોળી પ્રસિદ્ધિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, આઇ.ટી.સેલ,ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

  આ હુકમને ગૃહ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરાવવા અંગે જરુરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૧.